



પતંગ બજારમાં ધમધમાટ - ઉત્તરાયણના આગમનના પગલે શહેરના પતંગ બજારમાં શનિવારે ભારે ચહલ-પહલ જોવા મળતી હતી... પતંગની ખરીદીમાં મિત્રો અને પરિવાર સાથે કિશોરો ઉમટ્યા હતા... જાત-જાતના પતંગો અને ધારદાર પીવડાવેલી દોરીની પસંદગી માટે આખો દિવસ પતંગ બજારમાં ભીડ જામેલી રહી હતી... જોકે દર વર્ષ કરતાં શનિવારે ઓછી ભીડ હતી... કદાચ રવિવારે ભારે જમાવટ થાય એવું પતંગ રસિયાઓ અને વેપારીઓ માની રહ્યા છે...

# બેટી બચાવો બેટી પઢાવોમાં રાષ્ટ્રીયસ્તરે જિલ્લાની પસંદગી

ગાંધીનગર, તા. ૧૨

બેટી બચાવો બેટી પઢાવો અભિયાનમાં મહિલા સશક્તિકરણ અને મહિલાઓના જીવનધોરણમાં સુધારા માટે લેવાયેલા પગલાંઓમાં ગાંધીનગર જિલ્લાએ કરેલ શ્રેષ્ઠ કામગીરીને લઈ ભારત સરકારે આગામી ૨૪મી જાન્યુઆરી એવોર્ડ આપવા માટે પસંદગી કરી છે.

ભારત સરકારે મહિલા સશક્તિકરણ અને મહિલાઓના જીવનધોરણમાં નોંધનીય ફેરફારો માટે ૨૫ જિલ્લાઓની પસંદગી કરી છે તેમાં ગાંધીનગરનો સમાવેશ થાય છે.

રાજ્યમાં સૌપ્રથમવાર નારી નીતિ તૈયાર કરી અને અમલમાં મુકવામાં આવેલ છે. રાજ્યમાં મહિલા સશક્તિકરણનો લઈ અનેકવિધ યોજનાઓ પણ ઘોષિત કરવામાં છે. જિલ્લામાં આ દિશામાં થયેલ નોંધનીય કામગીરીને પગલે રાષ્ટ્રીયકક્ષાએ પસંદગી થતાં જિલ્લાભરમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

# સ્વાઈન ફ્લુના વાયરસ પુનઃ સક્રિય થતાં પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તાકિદ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના વાયરલ ઠંડીને લઈ સક્રિય થતાં જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયાએ તમામ તબીબી અધિકારીઓને સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તાકીદ કરી છે.

ગઈકાલે જિલ્લાના તબીબી અધિકારીઓની મળેલ બેઠકમાં આ અંગે તાકીદ કરતાં જિલ્લા વિકાસ અધિકારીએ શરદી-કફના દર્દીઓને કેટેગરી વાઈઝ વર્ગીકૃત કરી અને સારવારના અભિગમને વધુ ગુણવત્તાસભર બનાવવા સૂચવ્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે આગામી દિવસોમાં ખુબ સરકારી કાર્યક્રમોનું આયોજન છે ત્યારે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા સૂચવ્યુ છે.

તેમણે ફરજ પરનુ સ્થળ વગર મંજૂરીએ છોડવુ નહિ તેવી સ્પષ્ટ સૂચના પણ આ બેઠકમાં આપી હતી. જિલ્લા વિકાસ અધિકારીએ નેશનલ હેલ્થ મિશન અંતર્ગત વિવિધ યોજનાઓમાં

● અનુસંધાન પાન-૭ પર

# વાયબ્રન્ટ સમિટ દરમિયાન 'ખ' અને 'જ' માર્ગ જાહેર જનતાને માટે બંધ કરાયો

**વાયબ્રન્ટ સમીટને પગલે વાહન-વ્યવહાર માટે અને નો પાર્કિંગ ઝોન વિસ્તાર જાહેર કરાયા : જિલ્લાતંત્ર દ્વારા વિવિધ જાહેરનામા પ્રસિદ્ધ થયા**

ગાંધીનગર, તા. ૧૨

ઉત્તરાયણના પર્વ પછી તુરત જ પાટનગરમાં યોજાનાર વાયબ્રન્ટ સમીટને પગલે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આજે જ-રોડ અને ખ-રોડ બંધ કરવા સહિતનો પાર્કિંગ ઝોન પણ જાહેર કરતા જાહેરનામા પ્રસિદ્ધ કર્યા છે.



જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આ અંગે અલગ-અલગ જાહેરનામા પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યા છે.

જ-રોડ જાહેર જનતા માટે પ્રતિબાંધિત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વાવોલ ગામ તરફથી રેલવે ક્રોસીંગ થઈ ખ-૩ તરફ આવતો માર્ગ પણ જાહેર જનતા માટે પ્રતિબાંધિત કરવામાં આવ્યો છે. આ માટે ક-રોડ, ક-૫ સર્કલ થઈ ક-૬ સર્કલ થઈ રોડ નં. ૬ થઈ લોકો પ્રવેશ મેળવી શકશે તેમ પણ આ જાહેરનામામાં દર્શાવાયું છે.

ખ-૦ થી ખ-૫ સુધીનો માર્ગ પણ જાહેર જનતા માટે પ્રતિબંધ કરવામાં આવ્યો છે. આ માર્ગને બદલે ગ-૦ થી પ્રવેશ કરી અને ગ-૫ જઈ શકાશે.

આ ઉપરાંત ચ-૦ થી ચ-૫ સુધીનો રોડ, ઘ-૦ થી ઘ-૫ સુધીનો રોડ, ગ-૦ થી ગ-૫, ખ-૦ થી ખ-૫ સુધીનો રોડ અને ચ-૩ થી ખ-૩ સુધીનો રોડ, જિલ્લા પંચાયતથી સે. ૧૭ થઈ સે. ૧૬ તરફ જતો એપ્રોચ રોડ તથા સે. ૧૭/૨૨ થી સે. ૧૭ શોપીંગ સરકારી પ્રા. શાળાનો એપ્રોચ રોડ તેમજ સે. ૧૭નો અંદરનો એપ્રોચ રીંગરોડ, સરકીટહાઉસથી ખ-૫ સુધીનો રોડ નં. ૫, ચ-રોડ બીએસએનએલ કટથી ઉદ્યોગભવન થઈ મહાત્મા મંદિર જતો સેન્ટ્રલ વિસ્ટાનો સર્વીસરોડ, મહાત્મા મંદિરથી સાયન્સ-કોમર્સ કોલેજ બાજુથી ગ-૪ થઈ ઘ-૪ થી ટાઉનહોલ જતો સેન્ટ્રલ વિસ્ટા, સર્વિસ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા વહીવટીતંત્રમાં કલેક્ટરે બદલીનો પુનઃ ગંજીફો ચીપ્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા કલેક્ટર એસ. કે. લાંગા દ્વારા વહીવટીતંત્રમાં બદલીનો ગંજીફો ચીપવામાં આવ્યો છે.

ગઈકાલે મોડી સાંજે લોકસભાની ચૂંટણીની કામગીરી તેમજ વહીવટીય સુગમતા માટે જિલ્લા કલેક્ટર દ્વારા આ બદલીનો ગંજીફો ચીપવામાં આવ્યો છે. આ બદલીઓમાં કેટલાક મહત્વના ફેરફારો પણ કરાયા છે એટલુ જ નહિ જિલ્લાના અન્ય ત્રણ તાલુકાઓમાં સેવાના સઘનીકરણ પર પણ ભાર મુકવામાં આવ્યો છે.

**૩૪ નાયબ મામલતદાર બદલાયા, ૬ કારકુનોને નાયબ મામલતદાર તરીકે બઢતી આપી**

જિલ્લા વહીવટીતંત્રમાં બદલીના આ હુકમો આજે રજાના દિવસે પણ સતત ચર્ચામાં રહ્યા હતા. કલોલ, માણસા અને દહેગામમાં પણ ભારે બદલાવ કરવામાં આવ્યો છે. ૩૪ નાયબ મામલતાદોરની બદલી કરવામાં આવી છે. સૌથી મોટી ફેરબદલ કલોલ તાલુકામાં આ પછી

● અનુસંધાન પાન-૭ પર

# જોખમી આવાસો ખાલી કરાવવા તંત્ર માટે શિરદર્દ

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરના જુના અને કંગાળ સરકારી આવાસો તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જયારે સેકટરોમાં ભયજનક આવાસોની સંખ્યા વિશેષ છે. ત્યારે જોખમી મકાનો પણ તંત્ર દ્વારા ખાલી કરાવામાં આવી રહ્યા છે. પરંતુ નોટીસના અંતે પણ વસાહતીઓ આવાસ ખાલી કરવાના મામલે ઉદાસીનતા દાખવતા તંત્ર માટે શિરદર્દ ઉભો થયો છે.

**નિકાલ હેઠળના જોખમી મકાનો ખાલી કરવામાં વસાહતીઓની નિરસતા : કેટલાક કિસ્સામાં રહીશો નોટીસ પણ હાથમાં લેતા નથી**

ગાંધીનગરમાં જુના અને કંગાળ સરકારી આવાસો ખાલી કરાવી તબક્કાવાર ભયજનક આવાસો તોડવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. અગાઉ પણ સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તોડવાનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે હાલ પણ સર્વેના અંતે અત્યંત ભયજનક માલુમ પડેલા આવાસોને તોડવા માટે તંત્ર દ્વારા તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. એકબાજુ જુના અને જોખમી મકાનો તોડીને નવા આવાસો બાંધવા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.જયારે સેકટરોમાં ધ્યાને આવેલા જોખમી મકાનોને ખાલી કરાવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા હાલ મકાનો ખાલી કરાવવા તેમજ તોડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે સેકટરોમાં સરકારી આવાસોમાં દાયકાથી વધુ સમયથી રહેતા રહીશો મકાન ખાલી કરવાની કામગીરીમાં યોગ્ય સહયોગ ન આપતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આવાસ ખાલી કરવા માટે તંત્ર કક્ષાએથી આપવામાં આવેલી નોટીસ પણ સ્થાનિક વસાહતીઓ

● અનુસંધાન પાન-૭ પર

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સંદર્ભમાં ૨૪મીએ ચુકાદો જાહેર થશે

**ખેડુતોની અરજીઓ પર કાર્યવાહી પૂર્ણ કરાઈ**

અમદાવાદ, તા.૧૨

બુલેટ ટ્રેન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ તરીકે ગણવામાં આવે છે પરંતુ આને લઈને અનેક પ્રકારની અડચણો આવી રહી છે. મામલો કોર્ટમાં પણ પહોંચી ચુક્યો છે. હવે ગુજરાત હાઈકોર્ટે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન અધિગ્રહણના સંદર્ભમાં ખેડુતો દ્વારા રજુ કરવામાં આવેલા વાંધાઓ બાદ અરજીઓ પર કાર્યવાહી પૂર્ણ કરી લીધી છે. ૨૪મી જાન્યુઆરીના દિવસે અંતિમ ચુકાદો આપવામાં આવનાર છે. બુલેટ ટ્રેન કેસના સંદર્ભમાં ૨૪મી જાન્યુઆરીના દિવસે જાહેર કરવામાં આવનાર ચુકાદા પર તમામ લોકોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. આ મામલામાં શુક્રવારના દિવસે ખેડુતો અને રાજ્ય સરકાર દ્વારા પોત પોતાની રીતે રજુઆત કરવામાં આવી હતી. શુક્રવારના દિવસે ગામોમાં જમીન પાર્સલ હાંસલ કરવાના સંદર્ભમાં નક્કી કરવામાં આવેલા રેટનો દર્શાવતા ચાર્ટ પણ દર્શાવવામાં આવ્યા હતા. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જે જગ્યાઓએ જમીન અધિગ્રહણની પ્રક્રિયા ચાલી રહી છે તે વિસ્તારમાં જમીનની કિંમતોને લઈને રજુઆત કરવામાં આવી ચુકી છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઈને તર્કદાર દલીલો કરવામાં આવી રહી છે.



પુણ્યનું પર્વ - ઉત્તરાયણને આપણી પરંપરમાં પુણ્યનું પર્વ ગણાવાય છે... પુણ્યદાન કરવા માટેનો ઉત્તમ દિવસ એટલે ઉત્તરાયણ... ગરીબો, બ્રાહ્મણો, ગાય અને પશુ-પક્ષી માટે દાન કરવાનો મહિમા વર્ણવાયો છે... વિશેષ રીતે ઉત્તરાયણના દિવસે ગાયોને લીલુ અને સુકુ ઘાસ નિરવાની પરંપરા ઉત્તરાયણ સાથે સંકળાયેલી છે... શ્વાનને લાડુ અને પક્ષીને માટે જાર વ્યાપક રીતે ઉત્તરાયણના પર્વે ખવડાવાય છે...

# શિક્ષણએ શાસ્ત્ર જ નહી પરંતુ શસ્ત્ર પણ છે : પુર્વ ક્રિકેટર વી વી એસ લક્ષ્મણ

**શિક્ષણના બદલાવથી સમાજમાં બદલાવ લાવી શકાય છે : વી લક્ષ્મણ : કોબા પે સેન્ટર શાળામાં સ્માર્ટ કલાસ પ્રોજેક્ટની પ્રસંશા કરી**

ગાંધીનગર તા ૧૨

આજના ડિઝીટલ યુગમાં દરેક બાળક આધુનિક ટેકનોલોજીનુ જ્ઞાન ધરાવતો હોવુ જરૂરી છે. ત્યારે દેશની ઘણી શાળાઓમાં પુરતુ શિક્ષણ આપવામા આવતુ નથી. આ સ્થિતિમાં યુવા અનસ્ટોપેબલ સંસ્થા દ્વારા કચ્છમાં સો કલાસરૂમ સ્માર્ટ બનાવાનો નિર્ધાર કર્યો છે. તે આવકારદાયક છે. તેમ ભારતીય પુર્વ ક્રિકેટર વી વી એસ લક્ષ્મણે આજે કોબા પે સેન્ટર શાળાની મુલાકાત દરમિયાન જણાંવ્યુ હતુ. આ તબક્કે તેમણે તેમ પણ જણાંવ્યુ હતુ કે શિક્ષણ એ શાસ્ત્ર જ નહીં પરંતુ શસ્ત્ર પણ છે. શિક્ષણથી બાળક પોતાની જિન્દગી બદલી શકે છે. ભલે ને તે પછી ગામડાનો હોય કે શહેરનો આ એકવીસમી સદી જ્ઞાનની સદી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડિઝીટલ ઈન્ડિયા વિઝનથી પ્રેરિત યુવા અનસ્ટોપેબલ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ માં સ્માર્ટ કલાસરૂમનો પ્રોજેકટ શરૂ કર્યો



હતો. જયારે ગત વર્ષ દરમિયાન યુવા સ્ટોપેબલ દ્વારા કોબા પે સેન્ટર સ્કુલમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે પ્રથમ સ્માર્ટ કલાસ લોન્ચ કરાયો હતો. દિપ ઈન્ડસ્ટ્રીઝે તબક્કાવાર રાજયમાં ૪૧ સ્કુલોમાં સ્માર્ટ કલાસ વિકસિત કર્યો છે. કોબા પે સેન્ટર સ્કુલમાં આજે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન દેશમાં ૧૦

● અનુસંધાન પાન-૭ પર

# સીબીએસઈ ધોરણ-૧૦-૧૨ પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર

**૨૮ માર્ચની પરીક્ષા ચોથી મેના દિવસે, બીજી મેના દિવસે લેવાનારી પરીક્ષા ચોથી મેના દિવસે લેવાનો નિર્ણય કરાયો**

અમદાવાદ, તા.૧૨

ધોરણ-૧૦ અને ૧૨ની સીબીએસઈ બોર્ડ પરીક્ષાનું ટાઈમ ટેબલ જાહેર થઈ ચૂક્યું છે, જેના કારણે વિદ્યાર્થીઓ પણ પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત થઈ ચૂક્યા છે ત્યારે બોર્ડ દ્વારા જાહેર કરાયેલા પરીક્ષામાં થોડો ફેરફાર કરાયો છે તે મુજબ તા.૨૮ માર્ચના રોજ લેવાનારી પરીક્ષા તા.૨ જી મેના રોજ લેવાશે અને તા.૨ જી મેના રોજ લેવાનારી પરીક્ષા તા.૪ મેના રોજ લેવાશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનું શેડ્યૂલ માર્ચ મહિનાનું જાહેર કરાયેલુંછે. દરમિયાન તા.૨૮ માર્ચ અને ૨ મેની પરીક્ષાઓને લઈને વિદ્યાર્થીઓએ ફરિયાદ અને રજૂઆતો બોર્ડને કરી હતી. આ અનુસંધાને બોર્ડ દ્વારા પરીક્ષા શેડ્યૂલમાં બદલાવ કરાયો છે. નવા જાહેર કરાયેલા પરીક્ષા શેડ્યૂલ મુજબ ધોરણ-૧૨ની ૨૮ માર્ચના રોજ લેવાનારી બોર્ડની ઈન્ફર્મેટિક્સ પ્રેક્ટિસ, કમ્પ્યૂટર સાયન્સ અને બે વિષયની પરીક્ષા તા.૨ મેના રોજ લેવાશે, જ્યારે તા.૨ મેના રોજ લેવાનારી ફિલોસોફી એન્ટરપ્રિનિયોરશિપ, હ્યુમનરાઈટ્સ એન્ડ જેન્ડર સ્ટડીઝ, થિયેટર સ્ટડીઝ, લાઈબ્રેરી એન્ડ ઈન્ફો સાયન્સ એમ પાંચ વિષયની પરીક્ષા તા.૪ મેના રોજ લેવાશે. આ સિવાયની તમામ પરીક્ષાની તારીખ બોર્ડે અગાઉ જાહેર કરેલા શેડ્યુલ મુજબ લેવાશે.

બોર્ડે અગાઉ પ્રેક્ટીકલ અને થીયરીટીકલ બંને પરીક્ષાની જાહેરાત કરી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ સાથે આચાર્યોએ પણ ફરિયાદ બાબતે સહમતી બતાવી હતી, જેથી બોર્ડે નવું રિવાઈઝ શેડ્યૂલ જાહેર કર્યું છે.




**બેસણું**

અમારા ભાઈશ્રી
**નારાયણભાઈ બી. ધ્રાગંધરીયા**
**(નિવૃત, સંયુક્ત સચિવ, નાણાવિભાગ)**
તા.૧૧-૧-૨૦૧૯ને શુક્રવારના રોજ દેવલોક પામેલ છે. **સદ્દગતનું બેસણું તા.૧૩-૦૧-૨૦૧૯ને રવિવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.
**સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી, સેક્ટર-૭, ગાંધીનગર**
લવજીભાઈ બી. ધ્રાગંધરીયા (ભાઈ) મનીષ એન. ધ્રાગંધરીયા (પુત્ર)
નલીન એલ. ધ્રાગંધરીયા (ભત્રીજા) રાજેષ એન. ધ્રાગંધરીયા (પુત્ર)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com